## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

### તા.૧૭/૧૦/૨૦૨૨ થી ૨૩/૧૦/૨૦૨૨

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|



**લોકલ ક્રાઈમ બ્રાન્ચ,નવસારી**
ટેલીફોન નંબર ૦૨૬૩૭-૨૪૭૫૦૮
sp-nav-legal@gujarat.gov.in

**પ્રેસનોટ તા.૨૦/૧૦/૨૦૨૨**

**૩૦ લાખની ખંડણી માંગવાના કેસના આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી એલ.સી.બી.નવસારી**

ગઈકાલ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ મરોલી પો.સ્ટે. પાર્ટ **A 11822023221228** ઈ.પી.કો. કલમ ૩૮૭ મુજબનો ગુનો નોંધાયેલ જેમાં ફરિયાદીશ્રી જીનેન્દ્રભાઈ જગદીશભાઈ શાહને અજાણ્યા ઈસમ દ્વારા મોબાઈલ વોટસએપ મેસેજ કરી તેમના પરિવારના સભ્યોને મારી નાખવાની ધમકી આપી રૂપિયા ૩૦ લાખની ખંડણીની માંગણી કરવામાં આવેલ.

સદર ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ **શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ, IPS, પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ ગુનામાં સંડોવાયેલ મોબાઈલ નંબરનો ઉપયોગ કરતા ઈસમની તપાસ કરી આરોપીને પકડી પાડવા **ડી.એસ.કોરાટ, પોલીસ ઈન્સપેક્ટર એલ.સી.બી નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

જે આધારે એલ.સી.બી. નવસારીના **PSI એ.આર.સુર્યવંશી, ASI સુનીલસીંહ દેવીસીંહ, HC નિલેશભાઈ અશોકભાઈ તથા PC સંદિપભાઈ પીઠાભાઈ** નાઓને ટેકનીકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા ફરીયાદી પાસેથી મોબાઈલ વોટસએપ મેસેજ કરી ૩૦ લાખની ખંડણીની માંગણી કરનાર ઈસમ **મોહમદ અબરાર સમસુલહુદા અંસારી, રહેવાસી. મરોલી બજાર ખાનની ચાલમાં, તા.જલાલપોર, જિ.નવસારી** નાઓ હોવાનું જણાતા તેને મરોલી બજાર સ્ટેશન પાસે રાજ ટેલર નામની ટેલરીંગની દુકાન ઉપરથી પકડી પાડી ગુનાના કામે પુછપરછ કરવા સારૂ એલ.સી.બી. કચેરી નવસારી ખાતે લાવી પુછપરછ કરતા તેઓ ગુનાનો એકરાર કરતાં હોય મજકુર ઈસમની અંગઝડતીમાંથી ગુનામાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફોન તપાસ અર્થે કબજે કરી તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ ડિટેઈન કરી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી મરોલી પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

❖ **સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી;-**
**PI** ડી.એસ.કોરાટ, **PSI** એ.આર.સુર્યવંશી, **ASI** સુનીલસીંહ દેવીસીંહ, **HC** નિલેશભાઈ અશોકભાઈ તથા **PC** સંદિપભાઈ પીઠાભાઈ તમામ નોકરી એલ.સી.બી.નવસારી



મરોલી સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ દ્વારા ડાભેલ ગામે ગામદુત તરીકે મિટીંગ કરવામાં આવી.





ગણદેવી પોલીસ સ્ટેશન વિસ્તાર ની તમામ બેંક ના મેનેજરશ્રીઓ ની મીટીંગ લેવામાં આવેલ તેમજ તેઓને તહેવાર નિમિત્તે બેંક મા જરૂરી તકેદારી રાખવા તેમજ સાવચેત રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી.







નવસારીની પ્રજા આઝાદીના સમયથી શાંતિપ્રિય, એકતા-અખંડિતા તથા એક બીજા સાથે સુમેળભર્યા ભાઈચારામાં માનનારી ગૌરવશાળી અને ખમીરવંતી પ્રજા છે.

આગામી દિવસોમાં આપણા ભારત વર્ષના સૌથી અગત્યના અને પવિત્ર "દિવાળી" ના તહેવારોના દિવસો આવી રહેલ છે તથા ત્યારબાદ લોકશાહીનો સૌથી પવિત્ર તહેવાર "વિધાનસભા ચુંટણી" આવનાર છે. નવસારીની પ્રજા શાંત અને સુમેળભર્યા વાતાવરણમાં ખૂબજ આનંદ અને હર્ષોલ્લાસથી આપણા મહાન તહેવારની ઉજવણી કરીએ તથા આગામી દિવસોમાં યોજાનાર "વિધાનસભા ચૂંટણીમાં પણ ઉમંગ, ઉત્સાહથી નિર્ભિયપણે ભાગ લઈ નવસારી જીલ્લા પોલીસ આપની સેવા-સુરક્ષા-શાંતિ માટે ૨૪X૭ હરહંમેશ તૈયાર છે.

નવસારી પોલીસ "પ્રજાના ભરોસાપાત્ર મિત્ર" તરીકે આપની "સેવા-સુરક્ષા-શાંતિ" માટે તથા કાયદાનું પાલન થાય અને વ્યવસ્થા જળવાય રહે તે સુનિશ્ચિત કરવા માટે હંમેશા કટિબધ્ધ છે. નવસારી જીલ્લામાં શાંતિ, નિર્ભિક અને ગૌરવશાળી પ્રજાનો નવસારી જીલ્લા પોલીસને સહકાર આપી હરહંમેશ સાથ મળતો રહેશે તેનો અમને સંપૂર્ણ વિશ્વાસ છે. નવસારીની ખમીરવંતી પ્રજાને નવસારી જીલ્લા પોલીસ તરફથી દિવાળીની હાર્દિક શુભકામનાઓ.


ખેરગામ પોલીસ સ્ટેશન
PHONE No.02634-220633












ખેરગામ પોલીસ સ્ટેશન
PHONE No.02634-220633










દિવાળી તહેવાર નિમિતે ગણદેવી પોલીસ સ્ટેશન વિસ્તાર ખેરગામ ખાતે આવેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લેવામાં અને વૃદ્ધાશ્રમમાં રહેતા સિનિયર સિટીઝનની મુલાકાત લેવામાં આવી જેઓને મીઠાઈ તથા સાલ તથા ગુલાબનું ફૂલ આપી નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી





**પોલીસ કરૂણા અને ન્યાયનુ પ્રતિક" ના હેડીગ્સ હેઠળ અત્રેના બીલીમોરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમા આવેલ "મહાવીર વૃધ્ધાશ્રમ" મુલાકાત લઇ વયોવૃધ્ધ વડીલોને મિઠાઇ ખવડાવી દિવાળીની શુભકામના આપવામા આવી**






જલાલપોર પો.સ્ટે. વિસ્તારમાં ઝુપડપટ્ટીમાં શ્રમિકોના બાળકોને મિઠાઇનુ વિતરણ કરેલ.





આજરોજ મરોલી પો.સ્ટે. વિસ્તારના મહુવર CHC Hospital ખાતે હોસ્પિટલ સ્ટાફ ને સાથે રાખી જરૂરીયાત મંદ દર્દીઓને ફ્રુટ તથા મીઠાઈ નું વિતરણ કરવામાં આવેલ અને ગામ દુત તરીકે અમો તથા પોલીસ અધિકારી સ્ટાફ હાજર રહેલ



